નવી સેવા વર્ષ ૨૦૧૮-૧૯

મનરેગા કન્વર્ઝનથી બનાવવાના થતા આંગણવાડી કેન્દ્રોના મકાન બાંધકામ માટે વહીવટી મંજુરી

ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંકઃ આઇસીડી/૧૧૨૦૧૮/૨૫/બ
સચિવાલય, ગાંધીનગર
તા. ૧૬-૦૪-૨૦૧૮

સંદર્ભઃ-

(૧) કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરીનો તા.૧૦/૧/૨૦૧૮નો પત્ર ક્રમાંકઃ આઇસીડીએસ/નવી બાબત/૨૦૧૮-૧૮૯/ /જનરલ પ્લાન/આં.વા.કે./મકાન બાંધકામ/૧૫૨૫-૨૬/૨૦૧૮

ઠરાવઃ-

સંદર્ભ (૧) અન્વયે મનરેગા કન્વર્ઝનથી બનાવવાના થતા આંગણવાડી કેન્દ્રોના કુલ ૨૦૦૦ આંગણવાડી કેન્દ્રોનાં બાંધકામ માટે વર્ષ ૨૦૧૮-૧૯ નવી બાબત તરીકે દરખાસ્ત રજુ કરેલ હતી.

મનરેગા કન્વર્ઝનથી બનાવવાના થતા આંગણવાડી મકાનો માટે રાજ્ય સરકાર દ્વારા મંજુર કરવામાં આવેલ ટાઇપ ડીઝાઇન તથા ભારત સરકાર દ્વારા આપવામાં આવેલ વહીવટી મંજુરીની યુનીટ રકમથી મનરેગા અમલીકરણ પધ્ધતીએ આંગણવાડીનાં મકાન બનાવવાની મંજુરી આપવામાં આવેલ છે. ભારત સરકારના ના ગાઇડલાઇન્સ મુજબ મનરેગાના સહયોગથી રૂ.૫.૦૦ લાખ ની જોગવાઇ કરવામાં આવેલ છે. એક આંગણવાડી કેન્દ્રના બાંધકામનું અંદાજીત ક્ષેત્રફળ ૪૭.૪૫ ચો.મી છે. આંગણવાડી કેન્દ્રોમાં બાળકોના રમત ગમત માટેની જગ્યાનું આયોજન, પૂર્વ પ્રાથમિક શિક્ષણનો વિચાર કરવામાં આવેલ છે. હવા ઉજાસ માટેની સુવિધાઓ પણ ખ્યાલ રાખવામાં આવેલ છે, તથા વોશ બેશીન અને નાના બેબી ટોયલેટની સુવિધા થકી સેનીટેશનની સુવિધા છે. આંગણવાડી કેન્દ્રોના બાંધકામ માટે પ્રતિ આંગણવાડી કેન્દ્ર રૂ.૭.૦૦ લાખની અંદાજીત કિંમત પૈકી રૂ.૫.૦૦ લાખ – મનરેગા, રૂ.૧.૦૦ લાખ ભારત સરકાર, તેમજ રૂ.૧.૦૦ લાખ રાજ્ય સરકારનો ફાળો છે.

...2..

મહિલા અને બાળ વિકાસ વિભાગના ૨૦૧૮-૧૯ ના અંદાજપત્રમાં મુડી સદરે રાજ્યમાં આંગણવાડી કેન્દ્રોનાં બાંધકામ માટે પ્રતિ આંગણવાડી દીઠ રૂ.૨.૦૦ લાખ કુલ ૨૦૦૦ આંગણવાડીનાં બાંધકામ માટે જોગવાઇ કરવાની થાય છે. તેમાંથી રાજ્ય સરકારનાં ૫૦% હિસ્સા પેટે રૂ.૨૦.૦૦ કરોડ (રુપિયા વીસ કરોડ) અને કેન્દ્ર સરકાર દ્વારા ૫૦% હિસ્સા પેટે રૂ.૨૦.૦૦ કરોડ (રુપિયા વીસ કરોડ) પ્રાપ્ત થશે. આમ કુલ રૂ.૪૦.૦૦ કરોડ (રુપિયા ચાલીસ કરોડ) ની જોગવાઇ સામે રાજ્ય સરકારનાં બજેટમાં રૂ.૨૦.૦૦ કરોડ (રુપિયા વીસ કરોડ) ની જોગવાઇ કરેલ છે. કેન્દ્ર સરકારમાંથી ૫૦% હિસ્સા પેટે રૂ.૨૦.૦૦ કરોડ (રુપિયા વીસ કરોડ) ની રકમ પ્રસ્તુત બાંધકામ માટે તાત્કાલિક મેળવવાની રહેશે.

રાજ્યના આંગણવાડી કેન્દ્રોમાં બાળકોને સાનુકુળ વાતાવરણ મળી રહે તેમજ પૂર્વ પ્રાથમિક શિક્ષણ તથા રમત ગમત માટેની જગ્યાનું આયોજન તેમજ શૌચાલયની સુવિધા સાથે મનરેગા કન્વર્ઝનથી બનાવવાના થતા ૨૦૦૦ આંગણવાડી કેન્દ્રોના મકાન બાંધકામ માટે રૂ.૨૦,૦૦,૦૦,૦૦૦/- (રૂપીયા વીસ કરોડ પૂરા) ની થયેલ બજેટ જોગવાઈમાંથી નીચેની શરતોને આધિન ખર્ચ કરવાની આથી વહીવટી મંજૂરી આપવાનું ઠરાવવામાં આવે છે.

<u>શરતો:-</u>

(૧) આ મંજુરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો-વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો- વખત લાગુ પડતા ઠરાવો/ પરીપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજુરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

...3..

(૭) બાંધકામના કામોની દરખાસ્તોની મંજુરી માટે વિભાગે તાત્કાલિક પ્રવર્તમાન એસ.ઓ.આર મુજબ નસ્કશા-અંદાજો તૈયાર કરી સક્ષમ સત્તાધિકારીની તાંત્રિક મંજૂરી મેળવવાની રહેશે.

(૮) બાંધકામના કામોમાં પી.ડબ્લ્યુ.ડી. મેન્યુલની જોગવાઇઓનું પાલન કરવાનું રહેશે.

(૯) સૂચિત કામો પૈકી જે કામો મનરેગા હેઠળ આવરી લેવાય તેમ હોય તેવા કામોના ખર્ચ મનરેગા યોજના હેઠળ ઉધારવામાં આવે તે અંગેની તકેદારી રાખવાની રહેશે.

(૧૦) આ કામ માટે જમીન સંપાદન કરવાની જરૂરીયાત હોય તેવા સંજોગોમાં જમીન સંપાદન અંગેની કાર્યવાહી વિભાગ કક્ષાએ સત્વરે પૂર્ણ કરાવી લેવાની રહેશે અને જમીન સંપાદન અંગેની કામગીરી પૂર્ણ કર્યા બાદ જ વર્ક ઓર્ડર આપવાના રહેશે.

(૧૧) રેલ્વે, વન અને પર્યાવરણ વિભાગ, પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની મંજૂરી કે જમીન સંપાદનની આવશ્યકતા જણાતી હોય તો આવી મંજૂરી સમયસર મેળવી લેવાની રહેશે. આવા જરૂરી કલીયરન્સ મેળવવામાં જો વિલંબ થવાનું જણાય તો વર્કઓર્ડર આપતાં પહેલાં જરૂરી ચોકસાઈ કરી લેવાની રહેશે.

(૧૨) આ કામની ડિઝાઈન તૈયાર કરતી વખતે અને યોજનાનાં અમલીકરણમાં સુરક્ષા અંગેના ધોરણો અને ગુજરાત સ્ટેટ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એજન્સીની માર્ગદર્શક સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૩) મંજૂર થયેલ અંદાજોમાં કોઇ ફેરફાર થાય તો તે અંગેની સુધારેલી વહીવટી મંજૂરી સમયસર મેળવી લેવાની રહેશે.

(૧૪) બાંધકામ અંગેની કામગીરી સંદર્ભે સરકારશ્રીની મંજૂરીથી જો કોઈ અલાયદા એકમને બાંધકામની જવાબદારી સોંપવામાં આવી હોય તે સિવાયના બાંધકામના તમમ કિસ્સાઓમાં રાજય સરકારના માર્ગ અને મકાન વિભાગ મારફત જ કામગીરી કરાવવાની રહેશે.

આ અંગેનો ખર્ચ નીચે દર્શાવેલ બજેટ સદરેથી કરવાનો રહેશે.

માંગણી નં. :- ૧૦૬

મુખ્ય સદર :- ૪૨૩૬ પોષણ અંગે મુડી ખર્ચ જોગવાઇ

પેટા મુખ્ય સદર :- ૦૨ પોષણ યુક્ત આહાર અને પીણાનું વિતરણ

ગૌણ સદર :- ૮૦૦ અન્ય ખર્ચ.

પેટા સદર:- ૦૧-એનટીઆર-૫ નમુનારૂપ આંગણવાડીનું બાંધકામ

...4..

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા.૦૮-૦૪-૨૦૧૮ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(રાહુલ છત્રપતિ)
નાયબ સચિવ
મહિલા અને બાળવિકાસ વિભાગ

પ્રતિ

1. માન. મંત્રીશ્રી, મહિલા અને બાળ કલ્યાણના અંગત મદદનીશ, સચિવાલય, ગાંધીનગર
2. માન. રા.ક.મંત્રીશ્રી, મહિલા અને બાળ કલ્યાણના અંગત મદદનીશ, સચિવાલય, ગાંધીનગર
3. અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
4. સચિવશ્રી (ખર્ચ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
5. કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસ, ૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
6. નિયામકશ્રી(આઇસીડીએસ), કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસ, ૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
7. નાણાં સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ, સચિવાલય, ગાંધીનગર
8. એકાઉન્ટન્ટ જનરલ શ્રી, અમદાવાદ/રાજકોટ
9. પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર
10. વિભાગના સર્વે શાખાઓ
11. સિલેક્ટ ફાઇલ